# પ્રોપર્ટી મેનેજર (મિલકત સંચાલક/વ્યવસ્થાપક)

જ્યારે કોઇ પણ મિલ્કતના માલિક વ્યક્તિગત રીતે તેમની અચલ મિલ્કતનું ધ્યાન રાખવા માટે અસમર્થ હોય ત્યારે પ્રોપર્ટી અથવા એસ્ટેટ મેનેજર એક ચોક્કસ ફી લઇને તે મિલકતનું વ્યવસ્થાપન, સંચાલન કરે છે. એક પ્રોપર્ટી મેનેજરની મુખ્ય ભૂમિકા વ્યક્તિગત રીતે એ સુનિશ્ચિત કરવાની છે કે તેઓ જે પ્રોપર્ટીનું વ્યવસ્થાપન કરી રહ્યા છે તે દરેક સમયે વ્યવસ્થિત અને સારી સ્થિતિમાં જળવાયેલી રહે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે તમારા પોતાના કામની પદ્ધતિ નિર્ધારીત કરી શકો છો
- તમે સાવધાનીપૂર્વક અને સુવ્યવસ્થિત રીતે કામ કરવા ટેવાયેલા વ્યક્તિ છો
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૯,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. રિયલ એસ્ટેટ અને અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર / રિયલ એસ્ટેટ મૂલ્યાંકન અથવા સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી (BBA/ B.Sc) પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી (MBA/M.Sc) મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં PG ડિપ્લોમા પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

પ્રોપર્ટી મેનેજરની માસિક આવક

રૂ. ૧૬,૦૦૦ થી ૮૩,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/re-search/IN/Job-Property Manager/Salary/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રિયલ એસ્ટેટ કંપનીઓ

ઉદ્યોગ સાહસિકતા: તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** જો તમે કોઈ કંપની માટે કામ કરવા માંગતા હોય તો તમે નિર્ધારીત ઓફિસમાં કામ કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે કારણ કે તમારે સંભવિત ખરીદદારોને એપાર્ટમેન્ટ્સ બતાવવા, મિલકતોનું નિરીક્ષણ કરવા અથવા માલિકોને મળવા માટે જવું પડશે. તમારે જુનિયર પ્રોફેશનલ્સની ટીમનું નેતૃત્વ કરવાની જવાબદારી નિભાવી પડી શકે છે. તમારા કામના કલાકો નિયમિત હશે, જે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક જેટલા હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રોપર્ટી મેનેજર → પ્રાદેશિક પ્રોપર્ટી મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પ્રોપર્ટી મેનેજર, એરિયા પ્રોપર્ટી મેનેજર

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઇસ્લામિયા, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪. ભારતીય મેરીટાઇમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન બિઝનેસ સ્કૂલ, દેહરાદૂન
૭. દિલ્હી યુનિવર્સિટી
૮. રેનશો યુનિવર્સિટી, કટક

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૨. સ્કૂલ ઑફ મેનેજમેન્ટ ડૉ ડી.વાય. પાટીલ યુનિવર્સિટી
૩. પારુલ યુનિવર્સિટી, વડોદરા, ગુજરાત
૪. વી.આઈ.ટી. બિઝનેસ સ્કૂલ, ચેન્નાઈ
૫. જામિયા હમદર્દ, નવી દિલ્હી
૬. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૭. દૂન બિઝનેસ સ્કૂલ, દેહરાદૂન
૮. ટેક્નો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in



## સાફલ્ય ગાથા

**ટોયા આઈરિશ** બીકન કોમ્યુનિટીઝમાં પ્રોપર્ટી મેનેજમેન્ટમાં વરિષ્ઠ વી.પી. છે. તેમની કંપની સંપૂર્ણ સેવાઓ પુરી પાડતી એક સિનિયર લિવિંગ મેનેજમેન્ટ કંપની છે જે બોસ્ટનમાં સ્થિત છે. તેઓ વર્ષ ૨૦૦૬માં પ્રોપર્ટી મેનેજર તરીકે આ ફર્મમાં જોડાયા હતા અને પોતાના કાર્યકાળ દરમિયાન સિનિયર પ્રોપર્ટી મેનેજર, એરિયા મેનેજર, આસી. રિજીયોનલ વાઈસ પ્રેસિડન્ટ અને રિજીયોનલ વાઈસ પ્રેસિડન્ટ સહિત અનેકવિધ ભૂમિકાઓ નિભાવી છે. તેણીએ મેસેચ્યુસેટ્સની રેજીસ કોલેજમાંથી બી.એ. કર્યું છે.*

સ્રોત: https://www.housing finance.com/management-operations/people-on-the-move-1-9-23_0

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.